



સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા...

**વચનામૃત ગઢડા પ્રથમ ૪૪ : 'બળબળતા ડામનું, ડગલાનું'નું નિરૂપણ**
**૨૧ જૂન, ૨૦૧૭ પારમિતા મંદિર, બ્રહ્મજ્યોતિ, મોગરી.**

**શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, "ભગવાનને વિષે સ્નેહ હોય તેનું શું રૂપ છે ?"**

ભગવાનને વિષે સ્નેહ એટલે પ્રેમ, પ્રીતિ; એનું રૂપ શું છે ? સ્વયં ભગવાને પોતે પ્રશ્ન પૂછ્યો છે. આપણે બધાય કહીએ છીએ કે, 'મને ભગવાન માટે પ્રેમ છે, ગુરુ માટે પ્રેમ છે.' એટલે શું ? પ્રભુ તેની સ્પષ્ટ સમજ આપે છે.

**સ્નેહ તો એનું નામ જે, ભગવાનની મૂર્તિની અખંડ સ્મૃતિ રહે એનું નામ સ્નેહ કહીએ.**

પ્રેમ હોય તો મૂર્તિ સાંભર્યા જ કરે, સંભારવી ના પડે. સ્નેહનું રૂપ કે, જો ખરેખરી પ્રીતિ હોય તો, જેમ દીકરાને મા માટે-માને દીકરા માટે, પતિને પત્ની માટે-પત્નીને પતિ માટે સતત સ્મૃતિ થયા કરે, સંભારવું ના પડે. એટલે આપણા હિન્દુ ધર્મમાં સ્ત્રીઓને નિયમ હોય છે કે, એમને પતિનું નામ નહીં બોલવાનું. કારણ કે, સ્ત્રીઓને પ્રેમનું અંગ હોય. પરણે એટલે એને એના ધણી માટે એટલો બધો પ્રેમ હોય કે, એના ધણીના નામનું બૉર્ડ વાંચે તોય ભાવમાં આવી જાય અને સ્નેહ છે એટલે સ્ત્રીઓ પોતાના ધણીનું જ નામ બોલબોલ કરે. આ તકલીફમાંથી છૂટવા માટે ઋષિ-મુનિઓએ એમ કહ્યું કે, 'જો સ્ત્રીઓ એમના ધણીનું નામ બોલે તો ધણીનું આયુષ્ય ઓછું થઈ જાય.' આથી સ્ત્રીઓ એમના ધણીનું નામ બોલે જ નહીં, ને તેથી એમનો જીવ બીજા કામમાં પરોવાય. નહીં તો એમના ધણીના નામમાં જ આખો દિવસ ગૂંચવાયેલાં રહે. આપણા ઋષિ-મુનિઓએ જે નિયમ આપ્યા છે એની પાછળ બહુ મોટું સાયકોલૉજિકલ સાયન્સ હતું. હવે સમાજમાં બહેનોમાં શિક્ષણ વધ્યું, સમજદારી વધી એટલે એ નિયમ પણ બદલાયો ને બધાં નામ બોલે છે. સ્નેહનું રૂપ એટલે સ્મૃતિ એની જ થાય. ભગવાનને વિશે, ગુરુને વિશે જો પ્રેમ હોય તો તેમની મૂર્તિ સાંભર સાંભર થયા કરે. એ એની સુંદરતા છે.

**જે ભક્તને પરિપૂર્ણ ભગવાનને વિષે સ્નેહ હોય તેને એક ભગવાન વિના બીજો સંકલ્પ જ ન થાય.**

'ભગવાન વિના' એટલે ભગવાનના થઈને જીવન જીવવા સિવાય, ભગવાનના થઈને કામ કર્યા સિવાય બીજી કોઈ પ્રવૃત્તિમાં મઝા ના આવે, ભગવાનની પ્રસન્નતા હોય એવી જ પ્રવૃત્તિમાં મઝા આવે તો એ સ્નેહનું રૂપ છે. મારા પ્રભુને જે ના ગમતું હોય એ મારે કરવું જ નથી. પણ પ્રભુને ના ગમે એવું થઈ જાય છે કારણ કે દેહભાવ છે. અને જો થઈ જાય તો ? તો બળબળતો ડામ દીધો હોય એવું આપણને થાય. શ્રીજીમહારાજ આ કહે છે.

લોખંડનો સળિયો ગરમ ગરમ લાલચોળ કરીને એને શરીર ઉપર લગાવી દે એને ડામ દીધો કહેવાય. સરદાર વલ્લભભાઈને બગલમાં ગાંઠ થઈ હતી. પહેલાંના જમાનામાં તો ડૉક્ટરો ચીરો મૂકી, બગાડ કાઢી નાખી ટ્રીટમૅન્ટ કરે એવું હતું નહીં, પણ હજામ હોય તે ડૉક્ટર બની જાય. હજામ મોટો લોખંડનો સળિયો લઈને આવે. સળગાવીને તેને ગરમ કરે, પછી સળિયો લાલઘૂમ થાય એટલે હાથ ઊંચો કરીને બગલમાં દબાવી દે. આને ડામ દીધો કહેવાય. આ રીતે ડામ દે એટલે બધા જે રોગના બૅક્ટરિયા હોય એ બળીને ખાખ થઈ જાય તેથી દરદ મટી જાય. પણ બળબળતો ડામ દેવાય તે માણસની શી દશા થાય ? સામાન્ય માણસ તો સળિયો જોઈને જ ગભરાઈ જાય, બેભાન થઈ જાય. સરદારસાહેબને ડામ મૂકતાં હજામ ગભરાતો હતો, એટલે સરદારસાહેબે ગરમ સળિયો લઈને પોતે જ ડામ લઈ લીધો. વીર પુરુષ કહેવાયને !

મહારાજ કહે, 'ભગવાન રાજી ના થાય એવું બોલાયું હોય, ભગવાન રાજી ના થાય એવું વર્તાયું હોય, ભગવાન રાજી ના થાય એવી કોઈ ક્રિયા થઈ જાય તો બળબળતો ડામ દે ને જેવી બળતરા થાય એવી જીવને બળતરા થવી જોઈએ'; ત્યારે એ ભગવાનને માટે સ્નેહ છે, પ્રેમ છે એનું લક્ષણ છે.

**અને જેટલો ભગવાન વિના બીજો ઘાટ થાય છે તેટલો તેના સ્નેહમાં ફેર છે. *અને જેને પરિપૂર્ણ ભગવાનમાં સ્નેહ હોય ને તેને જો જાણે-અજાણે ભગવાનની મૂર્તિ વિના બીજો કાંઈક ઘાટ થાય તો જેમ પંચામૃત ભોજન જમતો હોય તેમાં કોઈક કાંકરા તથા ધૂડ્યનો ખોબો ભરીને નાંખે ને જેવું વસમું લાગે અથવા કપાળમાં બળબળતો ડામ દે ને તે જેવો વસમો લાગે, તેવો ભગવાનના વિના બીજો ઘાટ થાય તે વસમો લાગે; એ રીતે જેને વર્તતું હોય તેને ભગવાનને વિષે પ્રીતિ છે એમ જાણવું.***

એક ભગવાનની મૂર્તિ સિવાય, ભગવાનને રાજી કરવા સિવાય, ભગવાનના થઈને જીવન જીવવા સિવાય કે ભગવાનને જે ગમે છે એમાં જ પ્રવૃત્ત થયા સિવાય બીજું જે થાય છે; એમાં આપણને પંચામૃત ભોજનમાં ધૂળ નાખી

હોય ને જેવું આકરું લાગે, કે બળબળતો ડામ દે ને જેવી બળતરા થાય એવું આકરું લાગવું જોઈએ ને એવી બળતરા થવી જોઈએ; એ સાચા સ્નેહનું રૂપ છે.

આપણાથી બીજી પ્રવૃત્તિ થાય, ભગવાન સિવાય-ભગવાનની મૂર્તિ સિવાય બીજે ખેંચાઈ જવાય તો અંદર બળતરા થવી જોઈએ તો એ સ્નેહ સાચો સ્નેહ છે. જેટલા પરસેન્ટેજ એવું થાય, એટલા પરસેન્ટેજ પ્રેમ ! ઘણાને તો કશી ખબર જ ના પડે. એને તો પ્રેમ છે કે નથી એ પણ ખબર ના હોય. પણ જે જાગ્રત છે એને ખબર હોય કે, ભગવાન રાજી થાય એમ બોલવું છે, ભગવાન રાજી થાય એવું વર્તવું છે, ભગવાન રાજી થાય એવી જ પ્રવૃત્તિમાં રસ લેવો છે. એ સિવાયનું મારું ગમતું મૂકવું છે, ભગવાનનું ગમતું કરવું છે. એવું જેના હૈયામાં હોય એને ભગવાન ને ગુરુને વિશે સાચો સ્નેહ છે, પ્રેમ છે. અને આ જ રીતનો ઉપયોગ કરી ભગવાને માનવરૂપ ધારણ કરી, સાધુરૂપે પ્રગટ રહી હેત-પ્રેમ કરાવી હસતાં રમતાં દેહભાવથી પર કરી દે છે.

ગુરુપૂર્ણિમાએ આપણે આ માંગવાનું કે, 'તમને રાજી કરવા સિવાય, તમારા થઈને જીવન જીવ્યા સિવાય, તમે જે પ્રવૃત્તિમાં જોડો એ પ્રવૃત્તિ કર્યા સિવાય; બીજા કશામાં અમને રસ ના રહે એવું અમારું તંત્ર કરી આપો. આપ અખંડ રાજી રહો એવાં જ વિચાર, વાણી ને વર્તન થાય ' એવી પ્રાર્થના કર્યા કરીએ એ સાચું ગુરુપૂજન છે. ગુરુપૂર્ણિમાના દિવસે આ પ્રાર્થના કરવી છે.

યાદ રાખો, નોકરી, ધંધો, ખેતી બધું કામ કરવાનું છે એટલે બધાને મળવું પડે, બધા પાસે જવું પડે, બધાની વાત સાંભળવી પડે, એમાં દિલ પરોવવું પડે, ચિત્ત પરોવવું પડે; પણ સબ્જેક્ટ ટૂ કે, 'મારા પ્રભુ રાજી થાય છે એટલે આ બધું કરું છું.' અને મારા પ્રભુ રાજી ના થાય એવી કોઈ પણ પ્રવૃત્તિ થાય, વિચાર આવે કે બોલાય કે વર્તાય ત્યારે બળતરા થાય, પશ્ચાત્તાપરૂપી પ્રાર્થના થાય. બળતરા એટલે બળબળતો ડામ દીધો હોય એવું આકરું લાગે, પશ્ચાત્તાપ થાય અને એમાંથી પ્રાર્થના થાય કે, 'હે મહારાજ ! તમે રાજી ના થાવ એવું બોલાયું, વર્તાયું, વિચારાયું હોય તો માફ કરજો.' એમ કરીને ગદ્ગદ કંઠે પ્રાર્થના કરીએ તો એ સાચા સ્નેહનું દર્શન છે. પ્રાર્થના થવી જોઈએ.

**તે સર્વે પોતપોતાના હૃદયમાં તપાસી જુઓ તો જેને જેવી પ્રીતિ હશે તેને તેવી જણાઈ આવશે.**

જેને જેવી પ્રીતિ છે તે જણાઈ આવશે. ખોટું કર્યું, ખોટું વર્ત્યા, થયું – ના થયું એ અગત્યનું નથી; યાદ રાખો. અગત્યનું આ છે કે, તમારા સિવાય આ થયું ત્યારે બળબળતો ડામ દીધો હોય એવી બળતરા થવી જોઈએ. જમવામાં ધૂળ નાખે ને જેટલું આકરું લાગે એટલું આકરું લાગવું જોઈએ. એવું અંદરથી થાય તો માનવું કે ખરેખર ભગવાનને વિશે સાચો સ્નેહ છે, પ્રીતિ છે.

**પછી બ્રહ્માનંદસ્વામીએ પૂછ્યું જે, એવી દૃઢ પ્રીતિ ભગવાનને વિષે થાય તેનું શું સાધન છે ?**

'પ્યારાનું જે પ્યારું તે મારું, મારું પ્યારું છે તેને નકારું.' એ પ્રીતિનું લક્ષણ છે. પ્રીતિના-સ્નેહના અંગવાળાએ આ યાદ રાખવાનું. સમજણવાળાને ભગવાન સિવાય બીજાનો ભાર ના પડે, ભગવાન સિવાય બીજાનો મહિમા વિશેષ ના થાય, કેવળ એક પ્રભુનો, પ્રભુના ભક્તોનો અને ગુરુનો જ મહિમા ! એ મહિમાના અખંડ વિચારમાં રહેવાય એ મૂર્તિ છે. અને વિશ્વાસવાળાને સતત પ્રભુની આજ્ઞાનું અનુસંધાન ! મારા પ્રભુએ, મારા ગુરુએ જે આજ્ઞા આપી હોય, એ કેટલી પળાય છે અને કેટલું આજ્ઞા વિરુદ્ધ વર્તું છું ? આજ્ઞા નથી પળાતી ત્યાં બળબળતો ડામ દીધો હોય એવી બળતરા થાય. આજ્ઞા પ્રમાણે ના જીવાય, ના વર્તાય તો ભોજનમાં ધૂળ નાખી હોય એટલું આકરું લાગે. અને જ્યારે એવું વર્તાઈ જાય, બોલાઈ જાય અથવા વિચારાઈ જાય તો ધૂન, ભજન, પ્રાર્થના કરીએ તો 'બળબળતો ડામ દીધો'ની જાગ્રતતાનું એ દર્શન છે. આવો સ્નેહ, આવી પ્રીતિ થવાનું શું કારણ છે ? એમ બ્રહ્માનંદસ્વામી પૂછે છે.

**પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, સત્પુરુષનો જે પ્રસંગ એ જ પરમેશ્વરને વિષે દૃઢ પ્રીતિ થવાનું કારણ છે.**

સંગ નહિ, પ્રસંગ. એકરૂપતા. બાપા દૃષ્ટાંત આપતા : સામાન્ય દોરી તમે સળગાવો તો રાખ થઈ જાય, પણ કાથી-કાથીની ત્રણ સેર હોય, ગૂંથેલી હોય, એને તમે સળગાવો તો એ સળગે તોય એ ગૂંથેલું ગૂંથણું જ રહે, આંટી ના છૂટે. એમ સત્પુરુષને વિષે એકરૂપતા થઈ ગઈ હોય, નિર્દોષભાવેયુક્ત પ્રેમ હોય, એ પ્રસંગ ! એવો પ્રસંગ હોય તો આવો સ્નેહ થાય. પછી ગમે તે સ્થિતિ, ગમે તેવી પરિસ્થિતિ, ગમે તેવા સંજોગોમાં ભગવાન ને ભગવાનના ભક્તોને વિષેનો જે નિર્દોષભાવ, દિવ્યભાવ એ ખંડિત ના થાય, સ્થિર રહે. ભગવાન અને સત્પુરુષને વિષે આપણી મતિ સ્થિર રહે એ પ્રસંગ કર્યો કહેવાય.

સ્નેહનું રૂપ એટલે સ્મૃતિ એની જ થાય.
ભગવાનને વિશે,
ગુરુને વિશે જો પ્રેમ હોય
તો તેમની મૂર્તિ સાંભર સાંભર થયા કરે.
એ એની સુંદરતા છે.





ભગવાન રાજી થાય એમ બોલવું છે,
ભગવાન રાજી થાય એવું વર્તવું છે,
ભગવાન રાજી થાય એવી જ પ્રવૃત્તિમાં રસ લેવો છે.
એ સિવાયનું મારું ગમતું મૂકવું છે, ભગવાનનું ગમતું કરવું છે.
એવું જેના હૈયામાં હોય એને
ભગવાન ને ગુરુને વિશે સાચો સ્નેહ છે, પ્રેમ છે.

**ત્યારે સોમલો ખાચર બોલ્યા જે, એવો પ્રસંગ તો અતિશે કરીએ છીએ પણ એવી દૃઢ પ્રીતિ કેમ થતી નથી ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, પ્રસંગ તો કરો છો પણ અર્ધો અમારો પ્રસંગ કરો છો ને અર્ધો જગતનો પ્રસંગ કરો છો, તે માટે ભગવાનને વિષે દૃઢ પ્રીતિ થતી નથી.**

અર્ધો પ્રસંગ ઘરવાળાંનો રાખો છો, જગતનો પ્રસંગ કરો છો. અમારી સાથે જેટલા લપેટાયા છો એટલા જગતમાંય લપેટાયા છો. એવું ના હોવું જોઈએ તો સ્નેહ થાય. જગત છોડવાનું નથી, યાદ રાખો. એના તરફની આપણી એ વૃત્તિ છૂટી જવી જોઈએ તો ભગવાનને વિષે સ્નેહ થાય. અર્ધી જગતની ઈમ્પોર્ટન્સ છે, અને અર્ધી સત્સંગની ઈમ્પૉર્ટન્સ છે. પણ ના, ગુરુપૂર્ણિમા હોય, અશ્વિનભાઈનો જન્મદિવસ ઊજવવાનો હોય, અને એ જ ટાઈમે જગતનું કોઈ વ્યાવહારિક કામ હોય ને આ બેમાંથી તમારે સિલેકશન કરવાનું હોય તો કયું કરશો ? એ આપણું જગત.

લોકો શું કહેશે ? લોકોમાં કેવું દેખાય ? લોકોને સારું ના લાગે. સગાંવહાલાંને દુઃખ થાય. આ તો કરવું જ પડે, અહીં તો જવું જ પડે. સત્સંગમાં તો રોજબરોજ સમૈયા ચાલતા હોય, વાર-તહેવારે ત્યાં ઉત્સવ થતા જ હોય; એમાં એકવખત નહીં જઈએ તો એમાં શું બગડી જવાનું છે ? પણ આ વ્યવહારમાં તો જવું પડે. ત્યારે એમ ના વિચારે કે, આખી જિંદગી વ્યવહારમાં તો બધું ચાલતું જ હોય છે, એનો કોઈ અંત જ નથી. આ સત્સંગ જ કરવાનો છે. જો વ્યવહાર ભણી જાવ તો તમે જગતમાં લપેટાયા છો. અને પછી ફ્રી હોય ત્યારે જ જો સત્સંગમાં આવો તો ભગવાન શું નથી સમજતા ?

આમ તો ભગવાન જ આપણી કસોટી કરતા હોય છે. એક જ ટાઈમે બે ફંકશન સાથે હોય ત્યારે જો ભગવાનની પસંદગી હશે તો માનજો, કે ભલે તમે જગતમાં રહો છો, પણ તમને પ્રસંગ સત્પુરુષનો છે. ને તેથી એવો ગાઢ સ્નેહ થયા વગર રહે જ નહીં, ભગવાન રાજી થાય તો એમના થઈને જીવતા કરે, કરે ને કરે જ !

અમે વી.એસ., અશ્વિનભાઈ, શાંતિભાઈ બધા કૉલેજમાં ભણતા ત્યારે બાપાની આજ્ઞાથી યુવકમંડળની પ્રવૃત્તિ કરતા હતા. બાપા આજ્ઞા આપે કે, 'ગુરુવારની સભા કરો, સમૈયા-ઉત્સવમાં સેવા કરવા આવો.' અને અમે સાથે સાથે કૉલેજનાં ઈલેકશન લડીએ, કૉલેજનાં ફંકશનો પણ કરીએ. જગતનું અને સત્સંગનું બેઉ કામ અમારે સાથે સાથે ચાલતું. અને એમાં કોઈ પ્રૉબ્લેમ પણ નહોતો થતો, કારણ કે, ગુરુવારની સભા રાત્રે હોય અને સમૈયા-ઉત્સવ હોય એ બાપા રવિવારે રાખે એટલે કૉલેજની પ્રવૃત્તિમાં કોઈ તકલીફ આવતી નહોતી. અમને ખબર નહોતી કે, આ બેઉ પ્રવૃત્તિ સાથે કરીએ છીએ પણ બાપાને મન સત્સંગ સિવાય કશાનું પ્રાધાન્ય ના હોવું જોઈએ. ૧૯૬૨-૬૩માં ફાઈનલ ઈયર બી.એસસી.માં જ્યારે મારે જી.એસ. તરીકેનું જનરલ ઈલેકશન લડવાનું થયું અને ત્યારે પૂ. મણિકાકા (પ.પૂ. મહંતસ્વામીજીના પિતાશ્રી) દ્વારા પૂ. પ્રભુદાસભાઈ (પ.પૂ. હરિપ્રસાદસ્વામીજી)નો સંદેશો મળ્યો કે, 'યોગીબાપા એવું બોલ્યા કે, આપણો જશુ ચૂંટણીમાં કે ઈતર પ્રવૃત્તિઓમાં ભાગ ન લે તો સારું.' એટલે અમે બધાએ-વી.એસ., અશ્વિનભાઈ, શાંતિભાઈ, રતિભાઈએ નક્કી જ કર્યું કે, આપણે કૉલેજનાં કોઈ ઈલેકશનમાં, કૉલેજની કોઈ પ્રવૃત્તિમાં હવે પડવું જ નથી. એક જ ધડાકે નિર્ણય લીધો કે, 'બાપા સિવાય, બાપાની આજ્ઞા પાળવા સિવાય, બાપાની પ્રવૃત્તિ સિવાય કશામાં રસ જ નથી લેવો.'

પછી ચૂંટણીનાં ઘણાં પ્રલોભન આવ્યાં, પ્રવૃત્તિનાં આકર્ષણ આવ્યાં, બધું આવ્યું પણ બાપાની એક ટકોર હતી કે, 'આમાં ભાગ ના લે તો સારું.' કૉલેજમાં ઈલેક્શન લડવાં, ફંકશનો કરવાં તે કંઈ ખોટું નહોતું, અને એમાં અમે પ્યૉર હતા. કોઈ પૈસો કૉલેજનો આઘોપાછો થયો નથી કે કોઈને દુઃખ થાય એવાં કામ નહોતાં થયાં એટલે જગતની રીતે તો બધે અમારી વાહ વાહ હતી; પણ, બાપાની દૃષ્ટિએ આધ્યાત્મિક રીતે એ જરૂરનું નહોતું. એટલે બાપાની મરજી જોઈ કે, બાપાને આ નથી કરાવવું એટલે એ તરત છૂટી ગયું. છૂટી ગયું એટલે B.Sc. પાસ થયા, અને અમેરિકા જતા રોકી, બાપાએ તરત એમના સ્નેહમાં એવા બાંધ્યા કે, એમને રાજી કરવા સિવાય કંઈ કરી ના શકીએ એવી ભૂમિકામાં લઈ ગયા. ને ત્યારપછી છાત્રાલયનું કામ અમને સોંપ્યું. બાપા તે વખતે જે બોલ્યા કે, 'પાંચ-સાત વરસથી છાત્રાલયના કામનું ગાડું સરાડે ચઢતું નથી.' બધાને એનું એવું અર્થઘટન થતું કે, ટ્રસ્ટીઓ આ કામ નથી થવા દેતા, પણ ના એવું નહોતું; ટ્રસ્ટીઓ તો તૈયાર હતા પણ અમે તૈયાર નહોતા થયા, હવે એ ખ્યાલ આવ્યો ! અમે અડધા જગતના ને અડધા ભક્તિના એમ બે રંગે રંગાયેલા

હતા. પણ જે દિવસે એવું નક્કી કર્યું, જ્યારે હૃદયમાં એવું સ્થાપિત થયું કે, આપણે બાપાની આજ્ઞાથી ભણવા સિવાય કૉલેજની કોઈ પ્રવૃત્તિમાં, કોઈ ઈલેકશનમાં રસ લેવો નથી અને બાપાની પ્રવૃત્તિ સિવાય કશાને મહત્ત્વ આપવું જ નથી ત્યારે અંદરથી બાપાને રાજી કરવાનો જે ભાવ પ્રગટ્યો એટલે પછી બાપાએ અમારી આખી ગાડીનો પાટો જ બદલી નાખ્યો. અક્ષરધામ ભણી અમારી ગાડી સડસડાટ દોડતી કરી દીધી. ભગવાન ભજતા કરી દીધા.

બેઉ સાથે ચાલતું હોય જગતનું ને સત્સંગનું તો ભગવાન કહે, ‘કલ્યાણ તો છે જ, પણ સ્નેહ હોય એટલે એક ભગવાનની મૂર્તિ સિવાય કશામાં સ્વાદ ના આવે, એ સિવાય કંઈ થાય તો કપાળમાં બળબળતો ડામ દીધો હોય એવી બળતરા થાય.’ એવું થાય એ સાચો સ્નેહ. અને એવો સ્નેહ અમને બધાને થયો, એટલે પછી એમાંથી અમારો સંસાર છૂટ્યો, મહત્ત્વાકાંક્ષાઓ છૂટી, દેહનો ભાવ છૂટ્યો ને સાધુતા પ્રાપ્ત કરવાના માર્ગે ચલાવી રહ્યા છે.

અત્યારે આ રમેશભાઈ-જ્ઞાનયજ્ઞ ગૃહસ્થ છે, પણ તમે જુઓ તો એમને કશામાં રસ જ નથી. કોઈનું લગન હોય, કોઈનું મરણ હોય, કોઈનો પ્રસંગ હોય ત્યારે કોઈ ગમે તેવો ચમરબંધી આવીને કહે તોય તેઓ કહે, ‘નહીં, મારે મિશનમાં મહાપૂજામાં જવાનું છે.’ તેમના દીકરા સંદીપને કહે કે, 'તારે જ્યાં જવું હોય ત્યાં જજે, હું તને રોકીશ નહીં, પણ મને કોઈ આગ્રહ કરશો નહીં.' તમે જુઓ તો એક સત્સંગને વિષે, ભગવાનને વિષે તેમને આ સાચો સ્નેહ છે. આંસુડાં પાડે એ સ્નેહ છે, ના નથી કહેતા; પણ આત્મા સાથેનો, ભગવાન સાથેનો જે સાચો સ્નેહ છે તે આ સ્નેહ છે. આપણને સ્વામિનારાયણ ભગવાન એ કહેવા માંગે છે કે, ‘મારા વિશે સ્નેહ હોય તો મને ગમતું હોય એ જ કરવાનો તમને આલોચ રહે. મારા થઈને જીવન જીવવાનું જ તમારું ધ્યેય હોય. અને મને જે ગમે છે એવી પ્રવૃત્તિમાં જ તમારું ઈન્વૉલ્વમૅન્ટ હોય. એ સિવાય બીજું થાય છે તો બળબળતો ડામ દીધો હોય એવી બળતરા થવી જોઈએ.’ બળતરા થાય એટલે પ્રાર્થના થવી જોઈએ કે, ‘હે પ્રભુ ! તારું ગમતું ના થયું, મારું પ્યારું થયું - તારું પ્યારું ના થયું.’ પણ, પ્યારાનું જે પ્યારું તે મારું, મારું પ્યારું તેને નકારું; એવું થાય એ સાચો સ્નેહ છે.

એટલે જગતમાં રહીએ, જગતની બધી પ્રવૃત્તિઓ કરીએ, પણ ભગવાન ને ભગવાનનાં કાર્યો, ભગવાનના ભક્તો ને ભગવાનના સાધુ એ જ અગત્યનાં છે; બાકી બીજું બધું નાશવંત છે એવું અંદરથી દૃઢ મનાયેલું હોય તો એમના વિશે કોઈપણ આડીઅવળી માથાકૂટ, અમહિમા, ભાવફેરની વાતનો સ્વીકાર જ નહીં. એવું જો અંદરથી કવચ થઈ જાય તો માનીએ કે, ભગવાનને વિશે સાચો સ્નેહ છે. એ સ્નેહનું રૂપ મહારાજ કહે છે.

બાપાએ અમને પછી તરત જ ૧૯૬૩માં બીજી ટર્મમાં કાકાનો યોગ આપી દીધો. જોયું, બાપા રાજી થઈ ગયા તો એવા રૂડા સાધુનો સંગ આપી દીધો. અને કાકાએ તો અમને સૌને બાપાના અસાધારણ મહિમામાં તરબોળ કર્યા. ૧૯૬૪માં બાપાએ અમને છાત્રાલયનું કામ સોંપ્યું અને જગત તરફથી ખેંચી અમારા સૌની આખી દિશા જ બદલી નાંખી. એમણે જ બધું કર્યું. અમે તો કોઈ વિચાર જ નથી કર્યો કે, શું કરવું ? ક્યાં જવું ? કેમ કરવું ? બસ, બાપાએ ખેંચ્યા જ કર્યા, દોર્યા જ કર્યા. એમણે અમારું આખું સુકાન લઈ લીધું એવું કહીએ તોપણ ચાલે. અમારી ઈચ્છાથી, અમારા કોઈ વિચારથી કંઈ કશું થયું નથી, કશું કર્યું નથી. અને જ્યાં કંઈ કરવા ગયા ત્યાં પછડાયા છીએ. એમણે જ પછી ઉપાડીને સરખા કરીને આ માર્ગે દોર્યા અને સાધુતાના ગુણોથી ભરી દીધા.

અશ્વિનભાઈ, શાંતિભાઈ, રતિભાઈ, વી.એસ. ને બધાને જુઓ, ક્યાં ખોટ છે ? વી.એસ. કેટલી બધી પ્રવૃત્તિ કરતા હતા, વાઈસ ચાન્સેલર થયા પણ સાંજે ૫:૦૦ વાગ્યે વી.એસ. અહીં મંદિરે જ હોય. આજે રતિકાકા, અશ્વિનભાઈ, શાંતિભાઈને તમે જુઓ, કેટલી બધી પ્રવૃત્તિમાં છે ! પણ સવાર-સાંજ મંદિરની આરતીમાં, ભજનમાં, કથામાં હોય, હોય ને હોય જ ! ખરેખર એમને એની અગત્ય છે ! ભગવાન કહે, ‘તમે જે પ્રવૃત્તિ કરતા હોય તે કરો, પણ જે વખતે પ્રભુનું ભજન હોય, જે વખતે પ્રભુનો સમૈયો-ઉત્સવ હોય, જે વખતે પ્રભુનું કાર્ય હોય તો બીજું બધું ગૌણ થઈ જાય એ વૈરાગ્ય કહેવાય ! એવો સાચો વૈરાગ્ય, એવી સાચી ભક્તિ, એવી સાધુતા, એ પ્રભુ તરફના સાચા સ્નેહનું ભગવાન આપણને દર્શન કરાવે છે. સાધુનું દર્શન ભગવાન આ રીતે આપણને કરાવી રહ્યા છે. તો એ દિવ્યતાથી એમનાં દર્શન કરીએ તો એમના માટેનો આપણો સ્નેહ અનંતગણો વધી જાય.

એકવખત મારે દાદુકાકા સાથે લગનના વરઘોડામાં જવાનું થયું. દાદુકાકા, હું અને બે-ચાર આપણા સત્સંગીઓ હતા. એક-દોઢ કલાકના એ વરઘોડા દરમિયાન કાકાએ બે-ચાર વખત બગાસાં ખાધાં. એટલે પટેલિયાઓએ

તમે જે પ્રવૃત્તિ કરતા હોય તે કરો,
પણ જે વખતે પ્રભુનું ભજન હોય, જે વખતે પ્રભુનો
સમૈયો-ઉત્સવ હોય, જે વખતે પ્રભુનું કાર્ય હોય તો
બીજું બધું ગૌણ થઈ જાય એ વૈરાગ્ય કહેવાય !
એવો સાચો વૈરાગ્ય, એવી સાચી ભક્તિ, એવી સાધુતા,
એ પ્રભુ તરફના સાચા સ્નેહનું દર્શન છે.





**જેવી દેહને વિષે અહંબુદ્ધિ છે અને દેહનાં સંબંધીને વિષે મમત્વબુદ્ધિ છે; એવી સત્પુરુષને વિષે આત્મબુદ્ધિ ને પ્રીતિ થાય અને પ્રભુના સંબંધવાળાને વિષે મમત્વબુદ્ધિ થાય તો આપણને પણ એવા સાધુતાના ગુણો આવે.**

પૂછ્યું, 'દાદુભાઈ તમને આ વરઘોડામાં કંટાળો આવ્યો હોય એવું લાગે છે નહીં?' એટલે દાદુકાકા કહે, 'ભાઈ મને કંટાળો નથી આવ્યો, પણ આજે આખા દિવસમાં તમે બધા વ્યવહારમાં એટલા બધા પડ્યા છો કે કથા થઈ નથી એટલે બગાસાં આવે છે.' જોયું ! એમનો આ ભગવાન તરફનો સ્નેહ એટલે એમને ગુણગાન ને મહિમા ગાવા ના મળે તો બગાસાં આવે; એ સાધુતા !

સ્વામિનારાયણ ભગવાનને સંસાર અંદરથી છોડાવવો હતો. માત્ર બાહ્ય સંસાર છોડીને ત્યાગી થવું એવું નહિ, પણ સાધુ થવું ને સાધુતા શીખવી; તે આ સાધુતા કે, ભગવાનમાં અસાધારણ સ્નેહ હોય, ભગવાનમાં અસાધારણ પ્રીતિ હોય તો જીવનમાં ભગવાનની અગત્ય સિવાય બીજા કશાની અગત્ય હોય જ નહીં. ભગવાનનું કાર્ય, ભગવાનની મૂર્તિ, ભગવાનની સ્મૃતિ, ભગવાન રાજી થાય એવું કરવાની વૃત્તિ અને એ કરવાનું હોય ત્યારે બીજું બધું ગૌણ થઈ જાય. બાકી તો, બીજું બધું કર્યા કરોને ! કોણ ના પાડે છે ? ઈંગ્લૅન્ડ જાવ, અમૅરિકા જાવ, હૉન્ગકૉન્ગ જાવ, જંગલમાં જાવ, શહેરમાં જાવ; ભગવાન કહે, 'મારી દષ્ટિએ તો એ બધાં જંગલો જ છે. મારા સિવાય, મારામાં રહ્યા સિવાય, તમે જે કંઈ કરો છો, ફરો છો એ બધાં જંગલમાં જ ફરો છો. મારામાં રહીને ફરો છો તો જંગલમાંય અક્ષરધામ છે ને શહેરમાંય અક્ષરધામ છે.' એટલે ભગવાનમાં રહીને બધી પ્રવૃત્તિ કરવાની જે પ્રૅક્ટિસ કરે છે, એ પ્રભુને વિશે સાચો સ્નેહ હોય તો થાય.

***ગામ વસોના વિપ્ર વાલા ધ્રુવ તેણે પ્રશ્ન પૂછ્યું જે, હે મહારાજ ! દેહ અને દેહનાં સંબંધીને વિષે અહંમમત્વપણાના ઘાટ થાય છે તે કેમ ટળે ?***

અહં-મમત્વ – મારાપણાનો ભાવ. 'હું ને મારું' એ કેમ ટળે ? પોતાપણાનો ભાવ છે એ દુ:ખ. અત્યારે તમે જુઓ, ઘણા માણસો ૫૦-૬૦ વર્ષથી ભાડાના મકાનમાં રહેતા હોય છે. આપણે કહીએ કે, 'આ મકાનની છત તૂટી ગઈ છે ને કેમ આવું છે ?' ત્યારે કહે, 'આપણું મકાન નથી, ભાડાનું છે.' ૫૦-૬૦ વર્ષથી મકાનમાં રહે છે પણ એ મકાનને રિપેર નથી કરાવતા, કારણ કે તે મારું નથી. મારાપણાનો ભાવ ના હોય એટલે એની કોઈ પળોજણ કે એની કોઈ ચિંતાય નથી કરતા કે, પડી જશે, તૂટી જશે કે બગડી જશે. 'આપણું ક્યાં છે ? મકાન તો ભાડાનું છે.' અને નાનું અમથું એક ઍપાર્ટમૅન્ટ પોતાનું હોય અને સ્હેજ કંઈ તૂટી ગયું હોય તો તરત ને તરત ખર્ચો કરીને તેને રિપેર કરાવે. એમ, આ દેહરૂપી મકાન પ્રભુએ આપેલું ૮૦ વર્ષ ભાડાનું છે તેવું મનાય તો પછી કંઈ ભાંગ-તૂટ થાય તોય કોઈ ચિંતા રહે ? પણ, પોતાનું મનાઈ ગયું એટલે મુશ્કેલી થાય છે. મહારાજ એ કહે છે કે, 'આત્મા દેહથી નોખો છે.' એ ૮૪ લાખ જન્મમાં ફરે છે. ૮૦ વર્ષ પછી પાછો બીજો દેહ મળવાનો છે. તો આપણે ૮૦ વરસ સુધી આ દેહમાં રહેવાનું એ દેહ પ્રભુના કાર્યમાં જેટલો વપરાય એટલો નફો. એનાથી જેટલી ભક્તિ થાય એટલી ભગવાનની પ્રસન્નતા પ્રાપ્ત થતાં આ દેહે કરીને જ સુખ ભોગવવાનું આવશે. એટલે દેહમાં જેવી પોતાપણાની બુદ્ધિ છે, દેહનાં સંબંધીઓને વિશે જે મમત્વ છે, મારાપણાનો ભાવ છે; એવો ભગવાનના સાધુ ને સત્પુરુષ એ મારો આત્મા છે એવું મનાય ને ભગવાનના સંબંધવાળા પોતાના મનાય તો આપણને આ છૂટી જાય. આમ, આ ભાવનું રિપ્લૅસમૅન્ટ કરવાનું છે.

**દેહ ને દેહનાં સંબંધીને વિષે અહંમમત્વનો ત્યાગ કરીને ને પોતાના આત્માને બ્રહ્મરૂપ માનીને ને સર્વ વાસનાનો ત્યાગ કરીને સ્વધર્મમાં રહ્યો થકો જે ભગવાનને ભજે છે તે સાધુ કહેવાય છે. અને જેને એવું સાધુપણું આવ્યું તેને ને પુરુષોત્તમ ભગવાનને કાંઈ છેટું રહેતું નથી.**

પૂ. મહંતસ્વામી, પૂ. હરિપ્રસાદસ્વામી, પૂ. ગુરુજી, અશ્વિનભાઈ, શાંતિભાઈ ને આ બધા આવા સાધુઓ છે. ભગવાનને ને એમને કાંઈ છેટું નથી, યાદ રાખો ! આવું જીવન જીવીને, પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત કરીને એ ભાવને પામ્યા છે. એમને વિશે આપણને આવો દિવ્યભાવ, નિર્દોષભાવ થાય તો આપણે પણ એવા થઈ જઈએ. બીજું કંઈ સાધન જ નથી અને કોઈ સાધના પણ નથી. જેવી દેહને વિષે અહંબુદ્ધિ છે અને દેહનાં સંબંધીને વિષે મમત્વબુદ્ધિ છે; એવી સત્પુરુષને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ થાય અને પ્રભુના સંબંધવાળાને વિષે મમત્વબુદ્ધિ થાય તો આપણને પણ એવા સાધુતાના ગુણો આવે. ઐશ્વર્ય-પ્રતાપ, રિદ્ધિ-સિદ્ધિ, ચમત્કાર આવું બધું બહુ પ્રાપ્ત થાય, પણ સાધુતા, જે ગુણાતીતભાવ પ્રગટાવવો એ પ્રભુની અંતરની પ્રસન્નતા સિવાય એમ ને એમ આવતી નથી.

શ્રી સહજાનંદસ્વામીમહારાજની જય ! ◆